સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

વિકાસના રણે, વચનોનું આવ્યું વાવાઝોડું!
પ્રચારનું ઉઠ્યું દબાણને આવ્યું વાવાઝોડું,
કદી ન દેખાતા નેતાઓનું આવવ્યું વાવાઝોડું,
ચારિત્ર્ય હનન-ચૂંથણીનું આવ્યું વાવાઝોડું...

હાઈકુ

હું-તું, મૈં-મૈં ની
ભજવાય ભવાઈ -
રડે વિકાસ

ભૂખે ને દુઃખે
અમારે તો રોજના
ડ્રાય દિવસ!!

ચિંતન

મનુષ્ય જન્મ દુર્લભ અતિ, મિલે ન બારંબાર,
તર વરસે ફલ ગીર પડા, ફેરન લાગે ડાર

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કબીર મૃત્યુલોકનાં માનવીને ચેતવતાં કહે છે કે મનુષ્ય તરીકેનો અવતાર અતિ દુર્લભ છે. વારંવાર મળશે નહીં જેમ ઝાડ પરથી ફળ નીચે પડ્યું તે ફરી ડાળ પર ચોંટતું નથી એમ જ આત્માનો એકવાર મનુષ્ય દેહ છોડે પછી દેહમાં પાછો ફરતો નથી. આ ભવમાં સારા કર્મો કરો, ભગવત્ સ્મરણ કરો તો કદાચ ફરીથી મનુષ્ય અવતાર મળે પણ ખરો, પણ ક્યારે ? કબીર કહે છે કે લખ ચોરાશીના ફેરા તો દરેક પ્રાણી માત્ર એ ફરવા જ પડે છે. માટે આવતા ભવનો વિચાર ન કરતાં એવાં કર્મો કરો કે મળેલો આ ભવ અને આ જિંદગી સુધરી જાય.

સુવિચાર

- હૈ હોશ જબ તક, જીંદગી મેં, જશ્ન હોના ચાહીયે,
  ખુશીયાં બન જાયે રાધીકાં, મન કૃષ્ણ હોના ચાહીયે - **અખંડ આનંદ**
- શબ્દ સ્વચ્છંદી બને તો રોકવો પડે, મૌન તારીએ ફરજ છ ટોકવો પડે - **સુબોધ પંચોલી**
- ખારાશ છો ને બીજ વહે પણ તું મધૂરતા ના મૂકે,
  બુરાઈ છો ને બીજા કરે પણ તું ભલાઈ ના તજે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધમાં સરખામણીથી કદાચ કંઈ થાય ન થાય પરંતુ શંકાનો પ્રવેશ જરૂર થાય છે - **રીઝવાન ગુજરાતી**
- અંગત સ્વાર્થ માટે બીજાને ફાયદો પહોંચાડો તો
  કદાચ ચાલે પણ નુકશાન કયારેય નહિ - **ભીખુદાન ગઢવી**
- સલાહ મોટી થઈને ક્યાંક હસ્તક્ષેપ ન બની જાય એ જોવું જરૂરી - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : તાંદળજાનો રસમા સાકર નાંખી પીવાથી હાથપગની બળતરા તથા પેશાબની બળતરા મટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ઈરાનથી મગાવેલા ઉત્તમ પ્રકારના ઘોડા અકબર પાસે હતા. એકવાર અકબરે બિરબલને કહ્યું, 'ચાલો આપણે બેવ એકલા આ ઘોડા લઈ જંગલમાં જઈએ...!!' જંગલમાં પહોંચ્યા અને અકબર ને મજાક સૂઝી એમણે ફારસી ભાષામાં બીરબલને કહ્યું.

'ભઈ અસ્પ પિદર સુમાસ્ત'

આ ફારસી વાક્યના બે અર્થ નીકળે છે - 'એક તો આ ઘોડો તમારા પિતાનો છે,' અને બીજો અરથ 'આ ઘોડો તમારો પિતા છે.'

બિરબલ તરત બાદશાહની મજાક સમજી ગયો અને હસતાં હસતાં બોલ્યો, 'દાદ! હજુરસ્ત' આ ફારસી વાક્ય ના પણ બે અર્થ થાય છે. એક તો અર્થ 'હુજુરે જ આપેલો છે,' એન બીજો અર્થ 'હુજુર ના દાદા છે.'

બિરબલની હાજર જવાબીથી બાદશાહને શરમ આવી.

અપશબ્દની અસર અને સજા!

તંત્રીસ્થાનેથી...

ચૂંટણીના આખરી દિવસોમાં વિકાસ જેવા અગત્યના મુદ્દા કરતાં સામા પક્ષના નેતા દ્વારા વપરાયેલ અપશબ્દ ચૂંટણી પ્રચારનો મુદ્દો બની જાય તે આપણી કહેવાતી સૌથી મોટી લોકશાહીની કમનસીબી છે. કદાચ વડાપ્રધાનથી લઈ ભાજપના અદના કાર્યકરો કોંગ્રેસ આવી ભૂલ કરી બેસે એની જ રાહ જોઈ રહ્યા હતા. અગાઉની ચૂંટણીઓ દરમિયાન ભાજપ આવા મુદ્દે લોકોની સહાનુભૂતિ મેળવવામાં સફળ રહ્યું હતું. ઈંદિરાજી હંમેશા શિષ્ટ ભાષાનાં આગ્રહી રહ્યા હતા પરંતુ સોનિયા ગાંધીએ એમના સ્ક્રિપ્ટ રાઈટરે લખી આપેલી ભાષા વાપરી હતી અને મોદી માટે 'મૌત કે સૌદાગર' જેવા હલકા તથા વાંધાજનક શબ્દો વાપર્યા હતા. આ મુદ્દો મોદીને મબલખ સહાનુભૂતિ રળી આપનારો નીવડ્યો હતો. જો કે કોંગ્રેસનાં અધ્યક્ષા માટે એ જ મહાશયે કયારેક 'ઈટાલીયન બીચ' જેવી હલકી ભાષા પ્રયોજી હતી તે કોણ નથી જાણતું? કોંગ્રેસને મોદી અને શાહની જેમ આવા મુદ્દાઓ પર રાજરમત કરતાં નથી આવડતી તે હકીકત છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને એની 'થિન્ક ટેંક' ના સદસ્ય મણિશંકર ઐયર કડવું સત્ય ઉચ્ચારવા માટે જાણીતા છે. કોંગ્રેસને ગાંધી-નેહરુ પરિવાર બહારનો પ્રમુખ જડતો નથી, એવી વાત કરીને તેઓએ પહેલાંથી જ રાહુલ ગાંધીની ખફગી તો વહોરેલી હતી. પંડિત જવાહરલાલ નહેરુ વિશેની મોદીની ભાંડણલીલાનો વિરોધ કરતી વેળાએ એમને 'નીચ' અને 'અસભ્ય' જેવા શબ્દો વાપર્યા એથી તેઓ કારકિર્દીની સંધ્યાએ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. મોદી અને અમિત શાહને તો જાણે ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યા જેવું બહાનું મળી ગયું. રાહુલ ગાંધીએ બહુ જ ગંભીરતાપૂર્વક શરૂથી જ ચૂંટણી પ્રચાર દરમિયાન વડાપ્રધાનની ગરિમાને આંચ આવે એવી ભાષા નહીં વાપરવાનો આદેશ કર્યો હતો. એ મુજબ તેઓ પોતે તેમજ ગુજરાતના પ્રદેશ કક્ષાના આગેવાનો કે ચૂંટણી ઈન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળી રહેલા અશોક ગહલોત ભૂલથી પણ જીભ લસરી ન જાય એની કાળજી રાખતા રહ્યા છે. મણિશંકર ઐયર જેવા અસંતુષ્ટ રાષ્ટ્રીય નેતાને સામે ચાલીને મોદી-શાહને આ મુદ્દો આપી દઈ પોતાના જ પગ પર કુહાડો માર્યો છે. રાહુલ ગાંધી અને પાર્ટીના અધિકૃત પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ મણિશંકર ઐયરના નિવેદનને વખોડ્યું એટલું જ નહીં, એ માટે એમની પાસે જાહેરમાં માફી મંગાવ્યા બાદ પણ એમને કોંગ્રેસના પ્રાથમિક સભ્ય તરીકે રદબાતલ કરીને વણસેલી પરિસ્થિતિને સાચવી લેવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત, કોંગ્રેસ માટે મણિશંકર ઐયર કયારેક અસ્કામત હતા પરંતુ ગુજરાતની ચૂંટણીઓ વખતે એમનું નિવેદન માંડ ઊભા કરેલા સાનુકૂળ વાતાવરણને બગાડી નાખનારું સાબિત થશે એવી દહેશતથી રાહુલ ગાંધીએ આવડા મોટા ગજાના નેતાને પાર્ટીમાંથી હાંકી કાઢવા જેવું અત્યંતિક પગલું ભર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શહજાદ પૂનાવાલાની રજૂઆતનું સમર્થન કરનારા ઐયર સારા લાગતા હતા. પણ એમને દૂંટીમાંથી ઊઠેલો અભિપ્રાય ઉચ્ચાર્યો તે આકરો લાગ્યો છે. જો કે મણિશંકર ઐયરે ક્ષમાયાચના કરતાં પોતે 'નીચ' શબ્દ જાતિવાચક અર્થમાં નહીં પણ રાજકીય સંસ્કારોના અર્થમાં વાપર્યો હોવાનું જણાવી બગડેલી બાજી સુધારવા કોશિશ જરૂર કરી હતી પણ મોદી કદાચ માફ કરી શક્યા હોત પરંતુ રાહુલ ગાંધી માટે તો પોતાના વિરોધીને પાઠ ભણાવવાની સોનેરી તક હતી!

પ્રજા પ્રતિનિધિઓના વેતન-ભથ્થા સંબંધે મહાત્મા ગાંધીના સ્પષ્ટ વિચારો

નવા ચૂંટાનારા ધારાસભ્યો સમક્ષ નવી પહેલની આશા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

મંત્રીઓ અને ધારાસભ્યો-સંસદસભ્યોના વેતન સંબંધે મહાત્મા ગાંધીને જયારે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે પોતાનો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે પ્રજાના આ ચૂંટાયેલા પ્રતિનિધિએ એટલું સમજવાનું છે કે તેમનો જે પગાર કે ભથ્થા સરકારસ તરફથી બાંધવામાં (નિર્ધારિત) કરવામાં આવ્યા છે. તેટલો પગાર કે ભથ્થા લેવા જ એ માટે તેઓ બંધાયેલા નથી. ગાંધીજીએ આ રીતે સ્પષ્ટ કર્યું હતું કે બ્રિટીશ સરકારના કાયદા અનુસાર જેમ બ્રિટનમાં ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓને વેતન તથા ભથ્થાની એક નિશ્ચિત રકમ મુકરર કરવામાં આવી છે તેવી જ રીતે અંગ્રેજોએ તેમના દેશની માફક ભારતમાં પણ વેતન-ભથ્થાની પ્રણાલી દાખલ કરેલી છે. સમૃદ્ધ દેશ બ્રિટન જે રીતે તેમના દેશના ધારાગ્રહોના સદસ્યોને વેતન ભથ્થાની પ્રણાલી દાખલ કરેલી છે. સમૃદ્ધ દેશ બ્રિટન જે રીતે તેમના દેશના ધારાગ્રહોના સદસ્યોને વેતન-ભથ્થા આપે છે તે રીતે અહીં પણ તેવી જ વ્યવસ્થા આપી છે. પરંતુ આર્થિક મજબૂત બ્રિટનની જેમ ગરીબ-ગુલામ ભારતના સાંસદ - ધારાસભ્યો કે મંત્રીઓને પણ વેતન ભથ્થા બાંધી આપ્યા છે એ ભારતની સ્થિતિ જોતા અને જાહેર જીવનમાં સેવા અર્થે જોડાયેલા ભારતના પ્રજાના સેવકોને એમાંથી એટલું સમજવાનું છે કે વેતન બાંધી આપ્યું છે. તેનો અર્થ એ નથી કે બાંધેલું વેતન કે ભથ્થા લેવા તેઓ બંધાયેલા છે. આવા આર્થિક લાભ લેવા માટે તેઓ સહેજપણ બંધાયેલા નથી. વેતન-ભથ્થા નિયત કર્યા છે એ મુજબ તેમણે એ લેવું જોઈએ એવું હરગિજ નથી.

મહાત્મા ગાંધીએ આવી સ્પષ્ટ વાત દેશ આઝાદથયો એ પહેલાં જયારે વિવિધ પ્રાંતોમાં પ્રાંતિક સ્વરાજની છૂટછાટ હેઠળ અસ્તિત્વમાં ઓવલી પ્રાંતિય ધારાસભાઓના પ્રતિનિધિઓને વેતન ભથ્થા લેવા બાબતે કહી હતી. એટલે એ સમયે બ્રિટીશ રૂલ અંતર્ગત ઈંગ્લેન્ડના કાયદાઓ મુજબ વેતન - ભથ્થા ધારાશભ્યોને આપવામાં આવતો હતો પરંતુ આ પરંપરા દેશમાં આઝાદી આવી અને બંધારણના અમલ સાથે પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. પછી પણ ચાલુ રહી છે. ગાંધીજીએ તો વેતન ભથ્થા લેવાની જ વાત કરી હતી પરંતુ જેમતેમ જાહેર જીવનમાં સેવાના સ્થાને સ્વાર્થ અને સત્તા લોલુપતાનો પ્રભાવ વધ્યો તેમ તેમ ગાંધીના વિચારો પણ ધીમે ધીમે લોપાતા ગયા એવી સ્થિતિ આવી છે. જે મહાત્મા ગાંધીએ ધારાસભ્યો સંસદના વેતન - ભથ્થા લેવા સંબંધે વિરોધ વ્યક્ત કર્યો હતો એને આજે નજર અંદાજ કરવામાં આવ્યો છે. હવે તો વેતન-ભથ્થા ઉપરાંત પ્રજાના પ્રતિનિધિઓ પેન્શન મેળવતા થઈ ગયા છે!

ગાંધીજીને ૧૯૪૫માં વેતન સંબંધે પ્રશ્ન કરવામાં આવ્યો હતો ત્યારે તેમણે કહ્યું હતું કે મંત્રી કે ધારાસભ્ય પ્રજા પૈકીના જ છે. મંત્રી કે ધારાસભ્ય બન્યા ન હતા એ પહેલા તેમની જરૂરિયાત જો પટાવાળા જેટલી પણ ન હોય તો એ ચૂંટાઈ જાય પછી પટાવાળા - સેવક કરતાં પણ અનેક ગણી જરૂરિયાત એમની કેવી રીતે વધી જાય? ગાંધી સાવ સીધા સવાલ દ્વારા મસમોટો પ્રશ્ન એ વ્યક્ત કરે છે કે પ્રજાનો પ્રતિનિધિ બનતાં જ જરૂરિયાતો કેમ આટલી બધી વધી જાય. આવી પરિસ્થિતિ તેમણે જોઈ હતી. નિહાળી હતી એટલે તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે પટાવાળા - સેવા કર્મી મંત્રી પદના લાયક બને તો પણ તેમની જરૂરિયાત અગાઉની જરૂરિયાત જેવી જ રાખે. આમ વ્યક્ત થઈને ગાંધીજી જે મંત્રી ધારાસભ્ય બને તેમને પોતાની જરૂરિયાત અત્યંત સિમિત રાખે એમ સમજાવે છે.

સાથોસાથ ગાંધી ચપરાશીનો મુદ્દો પણ તપાસતા કહે છે કે શું ૧૫ રૂા. ના વેતનમાં લાંચ લીધા સિવાય ચપરાશી તેનું અને કુટુંબનું ભરણપોષણ કરી શકે છે? જો નહીં તો ચપરાશીને વધારે વેતન અવશ્ય વધારે મળવું જોઈએ. ગાંધી આ સાથે સરકારી તિજોરી પર ભારણ વધે નહીં તેનો ઈલાજ બતાવતા હોય એમ કહે છે કે 'એક ઈલાજ એવો પણ છે કે જો આપણે પોતે જ પોતાના ચપરાસી બનીએ તો? તો મંત્રીથી લઈ સંત્રી-ચપરાશી વચ્ચેનું અંતર છે એ પણ આપણે દૂર કરી શકીશું.'

મહાત્મા ગાંધીએ ૧૯૪૫માં પ્રાંતિક ધારાગ્રહોના સદસ્યોના વેચનમાં વૃદ્ધિ કરવાના બ્રિટીશ સરકારના નિર્ણય સામે જેમણે સવાલો ઉઠાવ્યા હતા તેમણે આ સંબંધે જવાબો

અનુસંધાન પાના નં. ૫ પર

ઔદાર્ય મૂર્તિ : સર પ્રભાશંકર પટ્ટણી



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

બ્રિટીશ શાસનના દઝાડે તેવા કપરા કાળમાં પણ ભાવનગર રાજ્યનું કમળ ભાતીગળ અને શોભાયમાન બની રહેલું છે તે વાત તે કાળે સૌ કોઈ અનુભવી શકતા હતા. ૧૯૩૧ માં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગરની ગાદી પર આરૂઢ થયા તે પહેલાનો આ સમય હતો. બાળમહારાજાનો ઉછેર તથા રાજ્યનો વહીવટ સંભાળવાની જવાબદારી સર પટ્ટણીની હતી. ભાવનગર રાજ્યની પ્રજા તથા અંગ્રેજ અમલદારો પણ પ્રભાશંકરના કાર્યક્ષમ વહીવટથી પ્રસન્ન હતા. પરંતુ પાંચેય આંગળીઓ સરખી હોતી નથી. શ્રીમાન કીલી નામના એક બ્રિટીશ અધિકારી પટ્ટણી સાહેબ તથા ભાવનગર રાજ્યના વહીવટ વિરૂધ્ધમાં અહેવાલો તૈયાર કરતા અને મોકલતા. સર પટ્ટણીની ચોમેર ફેલાયેલી ખ્યાતિ કીલીને પસંદ ન હતી. તેજોદ્વેષનો આવો ભાવ ઘણાં લોકોમાં જોવા મળે છે. કીલી તેમાના એક હતા. સર પટ્ટણીને નીચાજોણું થાય તેવા તેમના પ્રયાસો રહેતા. જોકે તેમાં આ અમલદારને સફળતા ન મળતી અને તેથી તેઓ વિશેષ અજંપો અનુભવતા હતા. વહીવટની કપોળકલ્પીત ક્ષતિઓની ઘટનાઓ ટાંકીને તેઓ સર પટ્ટણીનો ખુલાસો માંગતા રહેતા હતા. આખરે કીલીએ એક પત્રમાં પ્રભાશંકરને આખરીનામુ આપ્યું. તેમાં તેમણે જણાવ્યું કે સર પટ્ટણી રાજ્ય તથા સરકારને વફાદાર નથી અને તેથી તેમણે રાજીનામુ આપવું જોઈએ અથવા જે ભૂલો પ્રભાશંકરે કરી છે તેની માફી માંગવી જોઈએ. પટ્ટણી સાહેબે વિલંબ સિવાય રાજ્યની નોકરીમાંથી રાજીનામું મોકલી આપ્યું. કોઈ ભૂલો થયેલી ન હતી અને તેથી તેનો ખુલાસો કરવાનો પ્રશ્ન રહેતો ન હતો. કીલી બરાબર જાણતા હતા કે સરકારમાં કદાચ તેઓ પ્રભાશંકરનું રાજીનામું મોકલે તો પણ તેનો સ્વીકાર થવો મુશ્કેલ હતું. સર પટ્ટણીનું નામ એક વિચક્ષણ વહીવટકર્તા તરીકે જાણીતું હતું. તે સમયના સર્વોચ્ચ અમલદાર વાઈસરોય પણ સર પટ્ટણીને જાણતા હતા તથા પ્રભાશંકરના કામથી પ્રભાવિત હતા. આથી શ્રીમાન કીલીની કોઈ કરામત કામ આવી શકે તેવી ન હતી. સંભવ એવો ગણાય છે કે કોઈ ઉચ્ચ બ્રિટીશ અમલદાર કીલીના સર પટ્ટણી તરફના વર્તાવથી નારાજ થતા કીલીએ પોતાની ગેરસમજ બદલ બદલ અફસોસ જાહેર કરવો પડ્યો. પ્રભાશંકરને આ બાબતમાં તેમણે પત્ર લખ્યો. ઉદારમના પટ્ટણી સાહેબે સહજ રીતેજ આ વાત વિસારી દીધી.

સમય તેજ ગતિથી બદલાય છે. બીજી ગોળમેજી પરિષદમાં પ્રભાશંકર લંડન જાય છે. એક સમયે પ્રભાશંકર લંડનની બજારમાંથી પસાર થતા હતા ત્યારે અચાનક તેમણે અંગ્રેજ અમલદાર કીલીને જોયા. સર પટ્ટણીની સૂચનાથી તેમના સચિવે કીલીના ઘરનું સરનામું મેળવ્યું. પટ્ટણી સાહેબે ડીનર માટે બોલાવ્યા છે તેમ સચિવે કીલીને જણાવ્યું. કીલીએ આનાકાની કરતા કહ્યું કે તેઓ નિવૃત્ત થઈ ગયા છે. સર પટ્ટણીના સચિવે શાલીનતાથી ઉત્તર વાળ્યો કે પટ્ટણી સાહેબનો સબંધ કોઈ પદ કે હોદ્દાની મુદત સાથે જોડાયેલો નથી. આથી તેમને ડીનર પર આવવા ભારપૂર્વક વિનંતી કરી. કીલી ડીનર માટે આવ્યા. પ્રભાશંકરે બારણા સુધી સામા જઈને માનપૂર્વક તેમનું સ્વાગત કર્યું. સ્નેહ તથા ઉષ્માપૂર્વક પ્રભાશંકરે કીલીને તેમના કુશળ અંતર પૂછ્યા તથા કૌટુંબિક સ્થિતિની પૂછપરછ કરી. કીલીએ થોડી ગ્લાની સાથે સ્પષ્ટતા કરી કે ઓછી આવકને કારણે પુત્રના અભ્યાસક્રમને કદાચ છોડાવવો પડે તેવી સ્થિતિ છે. સર પટ્ટણીએ સારી એવી રકમનો ચેક કીલીને તરતજ આપ્યો. કીલીની આંખમાં પાણી ભરાઈ આવ્યું. પ્રયત્ન કરીને આભાર પ્રગટ કરતા કહ્યું કે તમે નિવૃત્તિ પછી પણ મને જાળવશો તેવી કદી કલ્પના પણ કરી ન હતી. પછી વાત લંબાવતા કીલી કહે છે : "મેં તમને અન્યાયી રીત રસમ અજમાવી પરેશાન કર્યા હતા તેનો અફસોસ થાય છે." કીલીની વાતનો પ્રત્યુત્તર વાળતા સર પટ્ટણી માત્ર એટલુંજ બોલ્યા : "અફસોસ હૃદયને શુધ્ધ કરે છે. બાકી તો આપ આપની ફરજ સમજી કામ કરતા હતા અને હું મારી સમજ પ્રમાણે વર્તન કરતો હતો." મકાનના દરવાજા સુધી કીલીને સન્માનપૂર્વક વળાવવા જઈને પાછા આવતા સર પ્રભાશંકર પટ્ટણી ગૌરવ તથા ઔદાર્યના મેરૂ શિખર સમાન દીસતા હતા. આવી પવિત્ર મનોવ્રત્તિ વાળા સર પટ્ટણીએ એક સ્વરચિત કાવ્યમાં નીચેના શબ્દો લખ્યા હતા જે તેમના વિચાર તથા વર્તનમાં પ્રગટ થતા હતા.

મારી આખી અવનિ પરની
જિંદગાની વિશે મેં,
રાખી હોય મુજ રિપુ પરે
દ્રષ્ટિ જે રીતની મેં,
તેવીયે જો મુજ ઉપર તુ
રાખશે શ્રીમુરારિ!
તોયે તારો અનૃણી થઈને
પાડ માનીશ ભારી.

ભાવનગરને સંસ્કારના સર્વોચ્ચ શિખર પર લઈ જનારા અનેક મહામાનવીઓ છે. આ ઉજ્વળ આકાશગંગામાં ગગા ઓઝા તથા સર પ્રભાશંકર પટ્ટણી જેવા ઉમદા ચરિત્રના વહીવટકર્તાઓનો સમાવેશ થાય છે. કૃષ્ણકુમારસિંહજી જેવા ફકીરી વૃત્તિ ધરાવનારા રાજપુરુષો તો ખરાજ. રાજવીઓ તથા વહીવટનો દોર સંભાળતા અધિકારીઓ થકી ભાવનગર રાજ્યની ખ્યાતિ ચોમેર પ્રસરી હતી. આમ પણ ઈતિહાસ એ વાતની શાક્ષી પૂરે છે કે જ્યાં રાજવી તથા વહીવટદારો સંયુક્ત રીતે પ્રજા કલ્યાણના કાર્યોમાં રત હોય ત્યાં નમૂનેદાર શાસનકાળનું સર્જન થાય છે. અહીં આવીજ સ્થિતિ ધરાવતા વડોદરા રાજ્યનું સ્મરણ થાય છે. સરી ટી. માધવરાવે ગોપાલકમાંથી બાળ રાજવી બનેલા સયાજીરાવ (ત્રીજા)ની કેળવણી સંપૂર્ણ સુચારુ તથા આયોજનબધ્ધ કરી હતી. સર સયાજીરાવ ગાયકવાડના વટવૃક્ષ જેવા ઘેઘુર તથા ભવ્ય વટવૃક્ષના મૂળમાં સર ટી. માધવરાવના ગંજાવર પ્રયાસોનો પસીનો પડેલો છે. દેશ આઝાદ થયો ત્યારબાદ પણ નવા રાષ્ટ્રની પ્રારંભિક અનેક કટોકટીની ક્ષણોએ એચ. એમ. પટેલ જેવા સ્થિરમતી વહીવટદારે તત્કાલિન પ્રધાનમંત્રી તથા ઉપ પ્રધામંત્રીને વહીવટની ઉચિત પધ્ધતિ તેમજ પ્રણાલી તરફ દોર્યા છે. જ્યાં વહીવટદારો સત્ય માર્ગ કે સન્માર્ગને ચૂક્યા છે ત્યાં તેના માઠા પરિણામો પણ પ્રજા તથા રાજવી બન્નેએ ભોગવ્યા છે. સર પટ્ટણીનો ઉપર ટાંકેલો પ્રસંગ મુકુન્દરાય પરાશર્યે લખ્યો છે. જે સર્વકાળે પ્રેરણાદાયક બની રહે તેવો છે.

રવિવારે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'ચૂંટણી કાવ્યો'ની પ્રસ્તુતિનો કાર્યક્રમ...

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'ચૂંટણી કાવ્યો'ની પ્રસ્તુતિનો કાર્યક્રમ...

મા ગરવી ગુર્જરીના પાટનગર- ગાંધીનગરના રહીશો, માતૃભાષા ગુજરાતીના સાહિત્યમાં રસ કેળવે અને પનોતા ગુજરાતી સાહિત્યને સદૈવ મધમધતું અને મહેંકતું રાખે તે હેતુસર; ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, સાહિત્યકારોને સાંકળીને અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે. ચાલુ માસમાં ગુજરાતના યોજાનાર ચૂંટણીના માહોલ ખૂબ જ ગરમાગરમ છે અને આ ઉકળતો ચરૂ ઉપળ-તળે થઈ રહ્યા છે અને તેમાં રંધાઈને આવનાર પરિપાકની કાગડોળે રાહ જોવાઈ રહી છે ત્યારે; આ સાંપ્રત સમયને અનુલક્ષીને ગાંધીનગર સાહિત્યસભાએ નગરના કવિઓની સ્વરચિત 'ચૂંટણી કાવ્યોની પ્રસ્તુતિ' - સ્વમુખે પઠનનો કાર્યક્રમ તા. ૧૦-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, નમન એપા., સેકટર-૨૧, ગાંધીનગર ખાતે, પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો અને નગરના કવિઓ ભાગ લઈ ચૂંટણી અંગેની પોતાની રચનાઓનું સ્વમુખે પઠન કરી શકશે. તો આ ચૂંટણી અંગેની કૃતિઓ સાથે અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, રસિકો-ભાવકો તથા સર્વે સભ્યોને નિમંત્રણ છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદમી, દિલ્હીના સંયુક્ત ઉપકમે 'યુગોનાં સાહિત્યશાસ્ત્ર' વિષય પર તા. ૧૩, ૧૪ ઓકટોબર, ૨૦૧૭ના રોજ, ગોવર્ધન સ્મૃતિ મંદિર ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં પરિષદના મહામંત્રી પ્રફુલ રાવલે સર્વેનું સ્વાગત કરી પરિસંવાદની ભૂમિકા બાંધી હતી. સાહિત્ય અકાદમી, દિલ્હીના અવાહક સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાએ 'સાહિત્યનાં' ધોરણો અને આધારો 'વિશે વ્યતવ્ય આપ્યું હતું.' ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળાએ 'સાહિત્યનાં યુગ વિભાજનો અને એનું બદલાતું સાહિત્યશાસ્ત્ર' વિશે વકતવ્ય આપ્યું હતું. બીજી બેઠકમાં અભય દોશીએ 'પ્રાગ નરસિંહકાળ' વિશે હસુ યાજ્ઞિકે 'મધ્ય કાલીનયુગ (નરસિંહથી દયારામ' વિશે, સિતાંશુ યશશ્ચંદ મહેતાએ 'પ્રાક્ અર્વાચીનકાળ' વિશે અને ઉર્વી તેવારે 'સુધારક યુગ' વિશે વકતવ્ય આપ્યું હતું. બીજી બેઠકમાં અભય દોશીએ 'પ્રાગ નરસિંહકાળ' વિશે, હસુ યાજ્ઞિક 'મધ્યકાલીન યુગ' (નરસિંહથી દયારામ) વિશે, સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાએ 'પ્રાક્ અર્વાચીનકાળ' વિશે અને ઉર્વી તેવારે 'સુધારક યુગ' વિશે વકતવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન અજય રાવલે કર્યું હતું ત્રીજી બેઠકમાં હસિત મહેતાએ 'પંડિત યુગ' વિશે, દીપક રાવલે 'ગાંધી યુગ' વિશે અને સેજલ શાહે 'અનુગાંધીયુગ અને પ્રાક આધુનિક યુગ' વિશે વકતવ્યો આપ્યા હતા. ચોથી બેઠકમાં પરેશ નાયકે 'આધુનિકતાવાદી યુગ' વિશે; ઉષા ઉપાધ્યાયે 'અનુઆધુનિકતા' વિશે એન શ્રી હેમંત દવેએ પરિસંવાદનું સર્વેક્ષણ રજૂ કરી, સમાપન વકતવ્ય આપ્યું હતું. આ બેઠકોનું સંચાલન પારૂલ કં. દેસાઈએ કર્યું હતું.

● ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સુભાષચંદ્ર બોઝસહિત તે કાળની અજોડ-અનન્ય પ્રતિભાઓ સાથે જેમને નિટકનો ઘરોબો હતો અને તે કાળે જેમને બૃહદ મુંબઈ રાજયની સરકારે 'દલિત મિત્ર' એવોર્ડથી નવાજેલા એવા શ્યામજી મારવાડી અને તેમના એવા જ સેવાભાવી બંધુ સામંત મારવાડીના જીવન-કવન ને આલેખતા ડૉ. પી.જી. જયોતિકર સંપાદિત પુસ્તક 'બંધુ બેલડી સામંત-શ્યામજી મારવાડી' અને આજીવન સેવાના ભેખધારી, પ્રખર સમાજ સેવિકા, ગુજરાતનાં અપ્રતિમ મહિલા રત્નો પરના ઐતિહાસિક ગ્રંથમાં જેમનું સ્થાન અંક્તિ થયેલું છે એવા મહિલા અને અપંગ - અંધજનોના ઉત્થાન માટે આજીવન કુંવારા રહીને જાત ઘસી નાખનાર સેવામૂર્તિ-શ્યામજી મારવાડીનાં દીકરી કુ. દિવ્યાબેન મારવાડી પરના, કર્મશીલ ઈન્દુકુમાર જાની અને હરેશ મકવાણા સંપાદિત ગ્રંથ 'પ્રખર સમાજ સેવિકા દિવ્યાબેન મારવાડી', 'સ્મૃતિવંદના' એમ બે ગ્રંથોનો લોકાર્પણ કાર્યક્રમ પૂર્વે ન્યાયધીશ વિનુભાઈ એચ. ભૈરવિયાના અધ્યક્ષસ્થાને, જાણીતા સાહિત્યસર્જક ડૉ. મણીલાલ હ. પટેલના પ્રમુખ વક્તા તરીકેની ઉપસ્થિતિમાં ગજજર હૉલ, અમદાવાદ ખાતે ઉજવાઈ ગયો. નિવૃત્ત ન્યાયાધીશ માન. વી.એચ. ભૈરવિયા, ડૉ. પી.જી. જયોતિકર, ભૂષણ પૂનાની; કેપ્ટન અમૃત ડી. માણેક, ચંદ્રવંદન જૉસેફ મૅકવાન, 'અનુસૂચિત જાતિ સૌરભ' સામયિકના તંત્રી દિનેશભાઈ પરમાર, ડૉ. મણિલાલ હ. પટેલે પોતાનાં વકતવ્યો રજૂ કર્યા હતા. કિશોરભાઈ મારવાડીએ પ્રારંભે બંને પુસ્તકોના લોકાર્પણ અને સમગ્ર કાર્યક્રમની ભૂમિકા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન હરેશ મકવાણાએ કર્યું હતું જયારે 'સમાજમિત્ર' સામયિકના કાર્યવાહક તંત્રી નટુભાઈ એ. પરમાર તેમની મદદમાં રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિમોચનની સાથે જાણીતા દલિત પત્રકારો, તંત્રીઓ અને વિશિષ્ટ મહાનુભાવોના સન્માનના કાર્યક્રમને પણ વણી લેવાયો હતો.

● ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ, 'પાટનગર પ્રકાશ' સાપ્તાહિકના તંત્રી અને જાણીતા સાહિત્યકાર અને કવિ ભરત કવિ અંગે સૌરાષ્ટ્ર યુનિ.ના એમ.ફીલના વિદ્યાર્થી ભાવેશ બી. ગામીતે, સૌરાષ્ટ્ર યુનિ.ના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના પ્રોફેસર અંબાદાન રોહડિયાના માર્ગદર્શનમાં 'ભરત કવિ : એક અધ્યયન' શીર્ષકની લઘુશોધ નિબંધ તૈયાર કરીને યુનિવર્સિટીને સુપ્રત કર્યો છે; જેમાં ભરત કવિના સાહિત્ય જીવનની સઘળી વાતોને વણી લેવામાં આવી છે, જે ગાંધીનગર સાહિત્યસભા અને નગર માટે એક ગૌરવપૂર્ણ બાબત ગણી શકાય. તાજેતરમાં રાધેશ્યામ શર્માદ્વાર